# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચન
# શિકોહાબાદ, તા. ૨૭-૩-૧૯૮૯
Version 2
# શ્રી સમયસાર, ગાથા ૭૩, પ્રવચન નંબર P ૦૨

આ શ્રી સમયસારજી પરમગમ શાસ્ત્ર છે, તેનો કર્તા-કર્મ અધિકાર છે. તેનો સ્વાધ્યાય કરશું. કર્તા અને કર્મ, પહેલા, પ્રથમ આ આત્મા છે, તે જ્ઞાનનો કર્તા છે અને પુણ્ય-પાપનો કરતા નથી. જ્ઞાનાવર્ણાદી ૮ પ્રકારના કર્મ બંધાઈ છે, તેનો પણ કરતા નથી અને શરીરનો જે ભાગ છે દેહ, મન, વાણી, વાણીનો કર્તા પણ આત્મા નથી.

**आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।**
**परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।। (આત્મખ્યાતિ કળશ ૬૨)**

આત્મા અનાદિ કાળથી જ્ઞાનમય રહ્યો છે અને તે અનંતકાળ સુધી જ્ઞાનમય જ રહેશે. અને દેહમય ક્યારેય થતો નથી અને જડ કર્મમય પણ નથી થતો. અને રાગાદી વિભાવ ભાવરૂપ પણ થતો નથી. તે તો જ્ઞાનમય આત્મા છે. તો આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવાનો છે. એવો જ્ઞાનનો કરતા આત્મા છે. આત્મા કર્તા અને આત્મજ્ઞાન તેનું કાર્ય એટલે કર્મ. કર્મ એટલે કાર્ય. આત્માનું કાર્ય શું છે? પોતાને નિરંતર જાણવું, દેખવું તે આત્માનું કર્મ નામનું કાર્ય છે. અનાદિ કાળથી પોતાના આત્માને ભૂલી ગયો કે હું જ્ઞાનમય છું એટલે જાણવું, દેખવું તે જ મારું કર્તવ્ય છે, એક જ મારું કર્તવ્ય છે, તે અનંતકાળથી ભૂલી ગયો. અને શરીરાદી નોકર્મ જ્ઞાનાવરણાદી દ્રવ્યકર્મ જડ અચેતન છે, તેમનો કર્તા ન હોવા છતાં પણ હું તેનો કર્તા છું એવી ભ્રાંતિ થઈ ગઈ છે.

જે હાથ હલે છે, અને પગ પોતાથી ચાલે છે, પોતાથી હાથ હલે છે, પગ તો પોતથી ચાલે છે, તેનો કર્તા ન હોવા છતાં પણ તેની દષ્ટિ તો જ્ઞાયક ઉપર નથી અને હાથ અને પગ ઉપેર દષ્ટિ છે, લક્ષ છે, તો તેની અને પુદગલની ક્રિયા સ્વયં પોતાથી થતી હોવા છતાં પણ તે ક્રિયાનો પ્રતિભાસ ઉપયોગમાં થાય છે, જેમ દર્પણમાં અગ્નિનો પ્રતિભાસ થાય છે પણ અગ્નિ દર્પણમાં આવતી નથી. એમ સ્વયં હલતા હાથ અને સ્વયં ચાલતા પગ, પગ - તેમની ક્રિયા જ્ઞાનમાં જાણવામાં આવે છે, તો હું કેવળ જાણનર છું એમ હોવું જોઈએ, તે ભૂલી ગયો. તો મેં હાથ હલાવ્યા અને મેં પગ ચલાવ્યા એમ બે દ્રવ્યની વચમાં કરતા કર્મ સંબંધનો અભાવ હોવા છતાં હું કરતા અને આ જડ ક્રિયા થાય છે, (તે) મારુ કાર્ય છે એમ અનાદિ કાળથી બે દ્રવ્યની વચમાં કરતા કર્મનો સંબંધનો અભાવ હોવા છતાં પણ હું કરતા છું અને તે મારુ કાર્ય છે એવી ભ્રાંતિ અનાદિકાળથી થઈ છે. તે ભ્રાંતિ છે.

કેમકે તે જડ પદાર્થ પણ પરિણમનશીલ છે. તે સ્વયં કરતા કર્મ પુદગલનું પુદગલમાં છે. જીવનો કરતા કર્મ જીવમાં છે. જીવ કરતા થઈ જાય અને હાથ હાલે તે તેનું કાર્ય-કર્મ બની જાય એમ ત્રણ કાળમાં બંનવાનું નથી. માને છે તે તેનું અજ્ઞાન છે. એમ અંદરમાં જે પુણ્ય-પાપની વૃતિની ઉત્થાન થાય છે, શુભાશુભ ભાવની લાગણી નું કાર્ય થાય છે, સંકલ્પ વિકલ્પની વિભાવ-વિકાર પર્યાય પ્રગટ થાય છે.

જેમ હાથ હલે છે, એમ રાગ થાય છે. રાગ રાગથી પોતે હોવા છતાં પણ, જેમ હાથ પોતાથી હલે છે, એની દ્રષ્ટિ હાથ ઉપર છે જ્ઞાતા પર નથી તો મે હાથ હલાવ્યો એવી ભ્રાંતિ અજ્ઞાન મિથ્યાત્વ ઉત્પન થઈ જાય છે. એવી રીતે પુણ્ય પાપના પરિણામ પણ પોતાથી ઉત્પન્ન થાય છે. નૈસર્ગિક છે એવો, સમયસારમાં સંસ્કૃતનો પાઠ છે. એને કરવાવાળો આત્મા નથી એને જાણવા વાળો છે, પણ કરવાવાળો નથી તો પણ હું જાણનાર છું, એ ભૂલી ગયો છે અને રાગનો પ્રતિભાસ, રાગની ક્રિયા સ્વચ્છ જ્ઞાનમાં પ્રતિભાસ તો થાય છે. પ્રતિભાસના સમયે જ્ઞાન ભિન્ન અને રાગ ભિન્ન એવા ભેદજ્ઞાનનો અભાવ હોવાથી અજ્ઞાનીને એવી ભ્રાંતિ થઇ જાય છે કે રાગ મેં કર્યો. મેં જ્ઞાન કર્યું કે રાગ કર્યો? એનો વિચાર પણ કરતો નથી તો રાગ ની સાથે કર્તા કર્મ ની ભ્રાંતિ થઇ ગઇ.

આત્મા કર્તા અને રાગાદી મારું કાર્ય-કર્મ તે અજ્ઞાનમય ભાવ છે. કેમકે સ્વભાવ અને વિભાવની વચમાં કર્તા કર્મ સંબંધ નથી અને જીવ અને અજીવ ની વચ્ચે પણ કર્તા કર્મ સંબધ નથી. હા, કર્તા કર્મ સંબધ એટલો છે કે આત્મા કર્તા અને આત્માનું અતીન્દ્રિયજ્ઞાન થયું; ઇંદ્રિયજ્ઞાનની વાત નથી. ઇન્દ્રિય જ્ઞાન જ્ઞાન નથી જ્ઞેય છે. તો અતીન્દ્રિય જ્ઞાન દ્વારા, જે આત્મા સ્વસંવેદન જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થઈ જાય છે. અનુભવમાં વેદન પ્રત્યક્ષ આવે છે. તો એ જે અતીન્દ્રિય જ્ઞાન કર્મ નામ કાર્ય છે આત્માનું, એ સ્વભાવ ક્રિયા છે. અને આત્મા એનો કર્તા છે એવો કર્તા કર્મ એક દ્રવ્યમાં થાય છે અને સ્વજાતિ માં થાય છે. શું કહ્યું? એક દ્રવ્યમાં હોય છે અને સ્વજાતિની વચ્ચે કર્તા કર્મ સંબધ હોય છે. આત્મા જ્ઞાનમય છે, કે આત્મા નું જ્ઞાન એનું કર્મ છે આત્મા કર્તા એક દ્રવ્ય થઇ ગયું અને બીજી સ્વજાતિ થઇ ગઇ. આત્મા ચેતન અને પરિણામ ચેતના તે સ્વજાતિનું પરિણામ થયું પોતાની જાતિનું પરિણામ થયું તો એની વચમાં કર્તા કર્મ સંબધ વ્યાપ્ય વ્યાપક સંબધ બને છે.

પરદ્રવ્ય ને સાથે કર્તા કર્મ સંબધ નથી હોતો જડ ચેતનની વચ્ચે, અને આત્મા ચેતન અને રાગાદી વિભાવ ભાવ, એ વિભાવ ભાવ છે, સ્વજાતિ ભાવ નથી. એથી પરમાર્થ દ્રષ્ટિ થી જોવા જઈએ તો આત્માના સ્વભાવની સમીપ જઈને જોઈએ તો રાગ સાથે કર્તા કર્મ સંબધ નથી. તો કર્તા કર્મ અધિકાર માં આ કર્તા કર્મ અધિકાર. હજારો લાખો દિગંબર શાસ્ત્ર છે. પણ સ્પેશિયલ કર્તા કર્મ અધિકાર સમયસાર માં આવ્યો. આ સમયસાર માં કર્તા કર્મ અધિકાર આવવાનું કારણ છે કે એ સમયે એટલો મિથ્યાત્વ અંધકાર ફેલાઇ ગયો હતો કે કોઈ લોકો માનતા હતા કે ઈશ્વર કર્તા છે. ઈશ્વર જીવોને સુખી-દૂખી કરે છે, એવી ભ્રાંતિ ફેલાઇ ગઇ હતી તો એનો નિષેધ કરવા માટે એક દ્રવ્ય બીજા દ્રવ્યનો કર્તા થઇ શકે નહીં, એ વાત કર્તા કર્મ અધિકારમાં એમણે લખી.

બીજી વાત એવો અંધકાર ફેલાઇ ગયો કે જેમ જેમ કર્મનો ઉદય આવે છે એમ એમ ક્રોધાદી ક્રિયા થઇ જાય છે હું શું કરું? ક્રોધ કરવો તો મારામાં નથી પણ મારા ચારિત્ર મોહ કર્મનો ઉદય આવ્યો તો ક્રોધ થયો જાણે તે જડકર્મ કર્તા અને એ વિભાવ ભાવ એનો કર્મ એવી અનાદિ કાળની ભ્રાંતિથી તો આચાર્ય ભગવાને કહ્યું કે જડ પદાર્થથી રાગ થતો નથી અને રાગ જે પોતાના સ્વભાવને ભૂલીને કરે છે તો અજ્ઞાની બની જાય છે અને અકર્તા બને છે તો જ્ઞાની બની જાય છે. એમ કર્તા કર્મ અધિકાર સ્પેશિયલ આવ્યો. આખા સમયસાર માં ૪૧૫ ગાથા છે એમાં વધારેમાં વધારે કર્તા કર્મ અધિકારની ગાથા છે. એટલે આત્મા જ્ઞાતા હોવા છતાં પણ અનાદિ કાળથી પોતે પોતાથી બીજાના

ઉપદેશ વગર હું પોતે જ્ઞાતા છું ભૂલીને હું કર્તા છું એવી અનાદિ કાળથી ભ્રાંતિ એની થઈ ગઈ છે. ભ્રાંતિ ટાળવા માટે કર્તા કર્મ અધિકાર છે.

અને એનાથી પણ વધારે શૂક્ષ્મ આ ૭૩ ગાથા માં કહેવું છે. રાગનો કર્તા તો આત્મા નથી જ કર્તા માનવવાળા અજ્ઞાની બની જાય છે. રાગનો કર્તા માને છે એ અજ્ઞાની બને છે. અજ્ઞાની છે એટલે રાગનો કર્તા છે એવું નથી. શું કહ્યું? અજ્ઞાની છે એટલે રાગનો કર્તા છે એવું નથી. રાગનો કરવા વાળો હું છું એવું જે માને છે તે એ સમયમાં એક સમયને માટે અજ્ઞાની બને છે. બીજા સમયે અરે! હું તો જ્ઞાતા છું રાગનો કરવાવાળો નથી હું. તો સમ્યગજ્ઞાન પ્રગટ થઈ જાય છે. જ્ઞાન અભિમુખ થઈ જાય છે. હવે આનાથી વધારે શૂક્ષ્મ વાત અહીયાં તો એ કરવી છે કે આત્મા કર્તા અને આત્મજ્ઞાન ના પરિણામ સમ્યગ્દર્શન , જ્ઞાન, ચારિત્રના જે પરિણામ ઉત્પન્ન થાય છે વ્યવહાર મોક્ષમાર્ગ નો એ કર્તા નથી જ એ તો સ્વભાવ અને વિભાવની વચમાં કર્તા કર્મ સંબધ નથી.

પણ આત્મા ચેતન છે ચૈતન્ય એનો ગુણ છે અને જ્ઞાન ચેતના એનું પરિણામ છે. તો જ્યારે જ્ઞાન ચેતના પરિણામ પ્રગટ થાય છે આત્માશ્રિત, એ પોતે એના ષટ્કારક થી પ્રગટ થાય છે. હું આત્મજ્ઞાન નો કર્તા હું નથી. હું એ કાર્યનો જ્ઞાતા છું એ પણ વ્યવહાર છે. શું કહ્યુ? કે એ જે જ્ઞાનચેતના પ્રગટ થાય છે જેમાં આનંદ આવે છે અતીન્દ્રિય આનંદ સામ્યગજ્ઞાન ની પર્યાયની વાત ચાલે છે. એ થાય છે એવું હું જાણું છું. મે કહ્યું એવું સામ્યગજ્ઞાનમાં જાણવામાં આવતું નથી. અને ક્યારેક શાસ્ત્રમાં આવે કે જ્ઞાન ક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધ કરવામાં નથી આવી એટલે કર્તા છે એ વાત કર્તાનો ઉપચારથી કર્તા છે એવું સમજવું જોઈએ. વ્યવહાર નયથી કથન છે. પરિણામનો કર્તા કહેવો એ પણ વ્યવહાર નય નું કથન છે, કેમકે આત્મા અકારક, અવેદક, અકર્તા છે અભોક્તા છે આત્મા. આત્મા જ્ઞાતા છે, જ્ઞાતા છે એટલે જાણવા વાળો તો છે પણ કરવાવાળો નથી. જાણનક્રિયા પણ સ્વયં (પોતાથી) થાય છે, ઓહોહો! એવું જ્ઞાન જાણે છે, મેં જ્ઞાન કર્યું. એમ જાણતો નથી. તો દ્રષ્ટિ પર્યાયથી ખસીને દ્રવ્ય પર આવે છે તો એને આત્માનો અનુભવ થઈ જાય છે. કેમકે પરિણામ સત, અહેતુક નિરપેક્ષ હોય છે કેમકે પરિણામને ઉત્પન્ન કરવાવાળું ધ્રુવ તત્વ નથી. આહાહા! એવી અલૌકિક વાત આ ૭૩ નંબરની ગાથા માં શિષ્યનો પ્રશ્ન છે. શિષ્યનો પ્રશ્ન પહેલાં વાંચીએ.

**હવે એ પ્રશ્ન કરે છે કે:આ આત્મા,** મારો આત્મા, **કઈ વિધિથી આશ્રવોથી નિવૃત થાય છે?** એટલે જે મિથ્યાત્વ નામનો આશ્રવ, અજ્ઞાન નામનો આશ્રવ, એ કષાય ના પરિણામ જે ઉત્પન્ન થાય છે એમાં મને દૂ:ખ નું વેદન આવે છે તો એ પણ દૂ:ખ નથી જોતું . દુ:ખની નિવૃતિ એટલે આશ્રવ ની નિવૃતિની વિધિ શું છે? વિધિ, જેમ હલવો બનાવવાનો વિધિ આવે છે ને એમ આ દૂ:ખ ની નિવૃતિનો ઉપાય શું છે એમ જીજ્ઞાશું જીવે પૂછ્યું. એનો અર્થ એ થયો કે પોતાની પર્યાય માં દોષ તો છે. દોષ નો તો સ્વીકાર કરી લીધો. સ્વછંદી નથી, નિશ્ચયાભાષી નથી, સમજ્યા? શું સમજ્યા?

મુમુક્ષુ: નિશ્ચયાભાષી નથી અને દોષનો ( સ્વીકાર કરવાવાળો છે).

ઉત્તર: સ્વછંદી નથી. દોષનો સ્વીકાર કરી લીધો કે પ્રભુ મારા સ્વભાવનું અવલંબન નથી થતું. અને મને શાંતિનું વેદન નથી આવતું. સુખનું વેદન નથી આવતું. ૨૪ કલાક સંકલ્પ વિકલ્પ ઉત્પન્ન

થાય છે અને એનાથી હું દૂખી છું. પ્રભુ કોઈ સુખનો ઉપાય મને બતાવો. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ની ઓળખાણ તો થઈ ગઈ. એ સાચા દેવ શાસ્ત્ર ગુરુની ઓળખાણ થયા પછી એને સંતોષ નથી. ઠીક છે બીજા પાસે તો કુદેવ-કૂગુરુ- કૂશાસ્ત્ર છે તો સંસારમાં રખળસે. હું તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ની સમીપ આવી ગયો એમાં કાંઇ માલ નથી, આવી ગયો તો શું? દેવ-ગુરુ- શાસ્ત્ર તને મોક્ષ દેવા વાળા છે? લેવું દેવું તો વ્યવહારની વાત છે. એ બધું છે જ નહીં. એવો વ્યવહાર જ નથી. નિશ્ચય તો નથી વ્યવહારની કોઈ વાત સમ્યગ્દર્શન આપી દયે અને શિષ્ય લઈ લ્યે એવો વ્યવહાર પણ નથી આહાહા ! તો હવે શું કરવું? કે જે અરિહંત દેવ, આત્મજ્ઞાની ગુરુ, જિનવાણી આ આત્માનું સ્વરૂપ જે ફરમાવે છે એવા સ્વરૂપનો નિર્ણય કરીને એનો પ્રત્યક્ષ અનુભવ કરીને આશ્રવ ની નિવૃતિ થઈ જાય છે. એટલે અજ્ઞાનની નિવૃતિ થઈ જાય છે તો અજ્ઞાન એટલે દુ:ખ ની પણ નિવૃતિ થઈ જાય છે. કર્મ ચેતના જ પ્રગટ નથી થતી તો કર્મ ફળ ચેતના હોતી નથી, તો જ્ઞાન ચેતના પ્રગટ થઈ જાય છે. તો શિષ્ય નો પ્રશ્ન છે કે પ્રભુ હું દૂખી છું. દૂ:ખ ની નિવૃતિનો ઉપાય બતાવો! આહાહા! તો આચરી ભગવાન ઉપાય બતાવે છે. આચાર્ય ભગવાન એવો ઉપાય નથી બતાવતા કે તમે આમ કરો, આમ કરો, આમ કરો, દાન કરો, શિયળ પાળો , વ્રત કરો, તપ કરો, પ્રતિક્રમણ જાત્રા કરો આહાહા! મંદિર બનાવો. એવી વાત તો નથી એ તો શુભભાવ છે. કર્તા બુદ્ધિની સાથે સાથે મિથ્યાત્વ ની સાથે સાથે મિથ્યાત્વ સાથે રાખીને શુભ ભાવ આનંતવાર કર્યો પણ મિથ્યાત્વ છોડીને શુભ ભાવ આવ્યો નહીં! શું શબ્દ ફરી ગયો!

મુમુક્ષુ: મિથ્યાત્વ છોડીને શુભ ભાવ આવ્યો નહીં! કમાલ કરી દીધી સાહેબ!

ઉત્તર: પહેલાં મિથ્યાત્વ સહિત શુભ ભાવ કરતો હતો! હવે આત્મા ભાન થયું તો મિથ્યાત્વ રહિત શુભ ભાવ આવે છે એને જાણે છે પણ કરતો નથી. કાર્ય ઊંધું ચત્તું થઈ ગયું આહાહા! બંધ માર્ગ થી નીકળી ગયો મોક્ષમાર્ગમાં આવી ગયો, અલ્પ કાળમાં મુક્તિ થવાની છે. આહાહા! એવા અપૂર્વ આ સમયસાર! અમે તો જન્મથી સ્થાનકવાસી હતા સમજ્યા? તમે તો જન્મથી દિગંબર છો.

મુમુક્ષુ: એ પણ નકામું! કાંઇ ખબર નથી.

ઉત્તર: પ્રભુ આ શું કુંદકુંદ આદિ આચાર્ય ભાવલિંગી સંત ફરમાવે છે તારું સ્વરૂપ આહાહા! લક્ષમાં લે, લક્ષમાં લે, શાંતિથી વિચાર કર વ્યવહારનો પક્ષપાત છોડીને નિશ્ચયના પક્ષમાં આવી જા અને નિશ્ચયનો પક્ષ છોડીને અનુભવમાં આવી જા. આહાહા! નિશ્ચયના પક્ષવાળા પણ સંસારી છે! આહાહા! વ્યહરનો પક્ષવાળા તો સંસારી છે જ પણ સમયસાર વાંચવા વાળા પણ જો આત્માનો અનુભવ ન કરે અને આત્માનું સ્વરૂપ જેવું છે એવા પક્ષનો વિકલ્પ કરે તો એ પણ સંસાર છે. આહાહા!

મુમુક્ષુ: સાહેબ! અફર ફરમાન!

ઉત્તર: આ જિનગમ માં કોઈ છૂટછાટ નથી! આહાહા! આવો શિષ્ય નો પ્રશ્ન છે, ઉત્તર પણ ઉત્તમ માં ઉત્તમ હમણાં આવશે ! જોજો!

**अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो।**
**तम्हि ठिदो तच्चित्तो सव्वे एदे खयं णेमि ।।७३।।**

**છું એક, શુધ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું .૭૩.**

ક્ષય નો અવાજ છે. આહાહા! આ પાંચમો આરો ( કાળ ) છે ચોથા આરો ( કાળ ) નથી. પંચમ કાળ છે. સમજ્યા? તો આ પંચમકાળમાં કશાઈયક સમ્યગ્દર્શન નથી હોતું અને ક્ષીએક ચારિત્ર પણ નથી થતું. પણ પંચમ કાળમાં ઉપશમ સમ્યગ્દર્શન અને ક્ષયોપક્ષમ સમ્યગ્દર્શન હોય છે. પણ અહીયાં એવું છે કે કોઈ જીવ ક્ષયોપક્ષમ સમ્યગ્દર્શન લઈને આવે છે પંચમકાળમાં આ કાળ માં તો અપ્રતિહત રૂપથી, આહાહા! એને નિયમથી આગળ ક્ષાયિક થઈ જાય છે. આગળ જ્યારે કેવલી-શ્રુત કેવલી ની સમીપ થઈ ગયા (જવાથી) નિમિત રૂપ થી, અને પોતાનું ઉપાદાન, તો ક્ષાયિક થઈ જાય છે. અહીયાં હજી ક્ષાયિક નથી તો પણ ક્ષય ની ધ્વનિ છે. આહાહા! એની મૂળ ગાથા ૨૦૦૦ વર્ષ પહેલાં કુંદકુંદ આચાર્ય ભગવાન મદ્રાસ થી ૮૦ માઇલ દૂર એક પોન્નુર હિલ છે. પોન્નુર નો અર્થ સોનું પોન્નુર નો અર્થ સોનાની હિલ ટેકરી (પહાડ) આહાહા! તપોભૂમિ છે એમની પાદુકા પણ છે. ત્યાં થી ગયા, મહાવિદેહ ક્ષેત્રે પધાર્યા, યાત્રા થઈ યાત્રા, મોટી યાત્રા, ભગવાન ના શાક્ષાત દર્શન ત્યાંથી આવીને અહીયાં શાસ્ત્ર લખ્યા.

એમાં તેઓ ફરમાવે છે કે સાંભળ ભાઈ. **કે જ્ઞાની વિચાર કરે છે કે** એવો પાઠ છે **જ્ઞાની** એટલે જેની અંદર મન વાળા પ્રાણી હોય વિચાર કરવાની શક્તિ પ્રગટ થઈ ગઈ હોય એટલો ક્ષયોપક્ષમ તો થઈ ગયો છે એનું નામ જ્ઞાની છે. ની એટલે ધર્માત્મા સમ્યગદ્રષ્ટિ નહીં સમ્યગદ્રષ્ટિ ને વિચાર કરવાની જરૂરત રહેતી નથી. વિચાર તો જેને અનુભવ નથી, એને વિચાર કરવાની જરૂરત રહે છે. અને વિચાર પણ કરીને અટકવું નહીં. વિચાર કરીને નિર્ણય કરવો અને નિર્ણય કર્યા પછી અનુભવ કરી લેવો.

પહેલાં અને પછી. આ ગાથાનો પૂર્વાંધ અને ઉત્તરાર્ધ બે ભેદ છે. પૂર્વાંધ સમજ્યા? હા, અલ્પ-વિરામ હોય છે. અને ઉત્તરાર્ધ જે આવે છે પૂરો થઇ જાય છે. પૂર્વાંધમાં શું કે આત્માનું સ્વરૂપ શું છે એમ તમે સમજીને પહેલાં નિર્ણય કરી લો. આહાહા! કેવળ સાંભળવાથી કાર્ય સિધ્ધિ નથી થતી અને કેવળ શાસ્ત્ર સ્વાધ્યાય કરવાથી કાર્ય સિધ્ધિ નથી થતી અને ઉપર ઉપરના નિર્ણયથી પણ સાધ્ય ની સિધ્ધિ નથી થતી. ધારણા થી પણ સાધ્યની સિધ્ધિ નથી થતી. શાસ્ત્રમાં ગાથા લખી તે મોઢેથી બોલી ગયા, એનાથી કાંઇ નથી થતું. એ તો વિકલ્પમાં શબ્દની પર્યાય છે. એમાં આત્મા નથી. પણ તું નિર્ણય કર હું કહું છું કે આત્માનું તારું સ્વરૂપ શું છે? તારું સ્વરૂપ હું બતાવું છું. તારા સ્વરૂપને હું આપતો નથી. તારું સ્વરૂપને તું જાણતો નથી તો તારા સ્વરૂપને હું શબ્દ દ્વારા બતાવું છું. એવી મારી કરુણાનો ભાવ થોડો આવી ગયો છે. આહાહા! નિષ્કારણ કરુણા છે. અકારણ કરુણા. જ્ઞાની સ્વરૂપમાં લીન રહી શકતા નથી ત્યારે એમને શાસ્ત્ર લખવાનો ભાવ આવી જાય છે.

તો **જ્ઞાની વિચાર કરે છે** જ્ઞાની એટલે જ્ઞાન જેમાં પ્રગટ છે ક્ષયોપક્ષમ, મનવાળા પ્રાણી. જેમને મન નથી તેમને વિચાર કરવાની શક્તિ (નથી). હેય શું અને ઉપાદેય શું એની શક્તિ પાંચ ઇંદ્રિયમાં નથી. પરંતુ મન છે મન! મનના બે પ્રકાર છે. એક ભાવ મન અને એક દ્રવ્ય મન. જેમ આ દ્રવ્યઇન્દ્રિય છે કાન, એ તો જડ છે. એવું જે મન છે અહીયાં દ્રવ્ય મન તે ઓપરેશન કરવાથી દેખાતું

નથી. એવું મનોવર્ગણા નામનું સૂક્ષ્મ પરમાણુથી બનેલું એક આઠ પાંખડી (પંખુડી) જેવું ખુલેલું કમળ છે ને એવું અહીયાં મન છે. મન અહીયાં નથી. જડ મન અહીયાં છે. જડ મન છે ને દ્રવ્ય મન એ અહીયાં છે અને એના સંગથી જે ઉપયોગ ત્યાં લાગે છે એનું અવલંબન કરે છે ઉપયોગ, આત્માનું અવલંબન કરે (ઉપયોગ) તો તો દ્રવ્ય મનનું અવલંબન છૂટે અને ભાવમન પણ વિશ્રામ થઈ જાય અને આત્મજ્ઞાન પ્રગટ થઈ જાય છે. પરંતુ ઉપયોગ આત્મામાં નથી લાગતો તો ઉપયોગ મનના સંગથી કામ કરે છે. તો ભાવમન થી જો વિચાર કરીને હું એક છું, શુધ્ધ છું, નિર્મમત્વ છું અને જ્ઞાન દર્શન થી પરિપૂર્ણ છું આ ગાથામાં છે જ્ઞાની વિચાર કરે છે કે નિશ્ચય થી એટલે ખરેખર એક સાચું અને એક ખોટું એક સત્યાર્થ એક અસત્યાર્થ.

**નિશ્ચયથી હું એક છું** આહાહા! તું એવો વિચાર કરીને નિર્ણય કર કે હું એક છું, અનેક રૂપ નથી. એક, અનેકનો નિષેધ કરે છે. એક જે શબ્દ છે એ અનેકનો નિષેધ કરે છે. હું પુરુષ છું અને હું સ્ત્રી છું અને હું દેવ છું અને હું મનુષ્ય છું. નથી નથી નથી આહાહા! હું ૧૪ ગુણસ્થાન વાળો છું. નહીં તું એક છે. આહાહા! ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન જીવસમાસ એ તો સ્વાંગ છે. આ તું નથી, એનાથી ભિન્ન તું તો એક જ્ઞાયક ભાવ છે. હું એક છું આહાહા! થવાનું નથી. હું! ક્યારે? જ્યારે ભણું ત્યારે જ્યારે સાંભળું ત્યારે એક હું આહાહા! હું એક હું.

બીજો શબ્દ **હું શુધ્ધ છું**. **હું** શબ્દ છે ને ? **હું**, અક્ષર છે **હું**. આધેદિપક છે. આધેદિપક માં હું શબ્દ લેવો છે. **હું** એક છું **હું** શુધ્ધ છું. **હું** નિર્મમત્વ છું. **હું** દર્શન જ્ઞાનથી પરિપૂર્ણ છું. હું એક હું અને **હું શુધ્ધ હું** આહાહા! શુધ્ધ થવું નથી મારે. જે નથી એની ભાવના નથી હોતી અને જે છે એની ભાવના થઈ શકે છે. જે છે એનું ધ્યાન થઈ શકે છે, જે નથી એનું ધ્યાન થઇ શકતું નથી. નથી એનું જ્ઞાન હોય છે પણ ધ્યાન હોતું નથી. શું કહ્યું? છે એનું ધ્યાન થાય છે. નથી એનું (ધ્યાન હોતું નથી). જે પર્યાય ગઈ એનું ધ્યાન કેવી રીતે કરે? અને ભાવિ પર્યાય આવી નથી એનું ધ્યાન કેવી રીતે કરે? અને વર્તમાનમાં તો રાગ છે એનું ધ્યાન કેવી રીતે કરે? ધ્યાનનો તો વિષય હોવો જોઈએ એંડ ધ્યાન નો વિષય અવિનાશી હોવો જોઈએ. ધ્યાન સમયવર્તી છે અને ધ્યેય ત્રિકાળવર્તી છે. અને જ્યારે ધ્યેયનું ધ્યાન થાય છે ત્યારે ધર્મ ધ્યાન પ્રગટ થઈ જાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. ધ્યાન કરવા હું બેસું છું પણ ધોળું ( સફેદ), લાલ, પીળું એવા પ્રકાશ દેખાય છે. કેમ? કે જે ધ્યેય છે એનું સ્પષ્ટ જ્ઞાન એની પાસે નથી. ધ્યેયના સ્પષ્ટ જ્ઞાન વગર તો ધર્મ ધ્યાન પ્રગટ નથી થતું. અત્યારે તો ધ્યેયની વાત ચાલે છે. ધયનની વાત આગળ કરીશું. હું એક છું અને હું શુધ્ધ છું. સંવર, નિર્જરા અને મોક્ષ એતો ક્ષણિક શુધ્ધ છે અનિત્ય શુધ્ધ છે તે તો મિથ્યા દ્રષ્ટિની પાસે છે જ નહીં. તો હું છું એવું ના હોઇ શકે. જે છે એની સાથે હું લાગે છે. હું વિધમાન, વર્તમાન, હું, શુધ્ધ હું અત્યારે. કહે અત્યારે તો હું મિથ્યાદ્રષ્ટિ છું. તું મિથ્યાદ્રષ્ટિ નથી. હું મિથ્યાદ્રષ્ટિ છું તો મિથ્યાદ્રષ્ટિની પરંપરા ચાલસે. મિથ્યાત્વના નાશનો ઉપાય તો એ નથી હું અશુધ્ધ નથી હું શુધ્ધ છું. હું નિરપેક્ષ શુધ્ધ છું. સંવર નિર્જરા એંડ મોક્ષ સાપેક્ષ શુધ્ધ છે, અનિત્ય શુધ્ધ છે. હું તો નિરપેક્ષ, અનાદિ અનંત, શાશ્વત શુધ્ધ જ છું. આહાહા! શુધ્ધ જ છું. આહાહા! શુધ્ધ છું.

ત્રીજો બોલ - **મમતા રહિત છું**. પ્રભુ મમતા તો છે. મારી પાસે મમતા તો છે. આ દેહ પ્રતિ

મમતા. કુટુંબ પ્રત્યે મમતા. આ શાસ્ત્રજ્ઞાન ના ઉઘાડ ના અભિમાન પ્રત્યે મમતા. કોઈ પ્રમુખ હોં, સેક્રેટરી, સત્તાની મમતા. સત્તાની મમતા. પૈસાની મમતા. અમારા સંબંધી સગાવાલા બહુ અમારો વ્યવહાર એવો છે - એવી મમતા મમતા મમતા માં એની કાલ ગુમાવે છે. પરંતુ જે પરિણામમાં મમત્વ ભાવ હોય છે તે તું નથી. તારામાં મમત્વ ઉત્પન્ન જ નથી થતું. તું તો મમત્વથી રહિત છે. નિર્મમત્વ તારો સ્વભાવ છે.

મુમુક્ષુ: મમતાના સમયે જ નિર્મમત્વ છે.

ઉત્તર: મમત્વ ની પર્યાયમાં છે એ સમયે મમતા થી રહિત નિર્મમત્વ છે. એનું લક્ષ કરવાથી પરિણામ નું મમત્વ છૂટી જાય છે. અહિયાં (અંદર) અહં આવી જાય છે, પરથી મમત્વ છૂટી જાય છે. અહિયાં (અંદર) અહં આવી જાય છે, પરથી મમત્વ છૂટી જાય છે. એવા શિષ્યના પ્રશ્ન નો ઉત્તર ચાલે છે કે મમત્વનો નાશ કેવી રીતે થાય? પરિણામ માં મમત્વ છે. મારો મારો મારો દીકરો, મારી દીકરી, આહાહા! મારા પિતા, મારી મમ્મી આહાહા! તારું શું છે, કાંઇ નથી આહાહા! ભ્રાંતિ છે. પરિણામ તારા નથી તો પરપદાર્થ મારા છે એ તો, આહાહા! એક સમયના પરિણામ ઉત્પન્ન થાય છે, એ આત્માનું સ્વ નથી. એક ચિદાનંદ ભગવાન આત્મા, જ્ઞાનાનંદ પરમાત્મા એ સ્વ છે અને હું એનો સ્વામી છું. પરિણામનો હું સ્વામી નથી.

મુમુક્ષુ: મિથ્યાદ્રષ્ટિના પરિણામ પણ પર મારુ છે. એવું નથી? એ પણ મારા છે એવું નથી?

ઉત્તર: નથી, બિલકુલ નથી. એ મિથ્યાત્વ ની પૃષ્ટિ થાય છે. મિથ્યાત્વના પરિણામ મારા છે તો મિથ્યાત્વ જશે નહીં. મિથ્યાત્વના પરિણામથી ભિન્ન (જુદું ) નિર્મમત્વ પરમાત્મા હું છું તો મિથ્યાત્વ જતું રહશે.

મુમુક્ષુ: એવો દોષ સ્વીકાર કર્યો ત્યારે એનો નિષેધ કર્યો ત્યારે સ્વાભાવનું લક્ષ કર્યું?

ઉત્તર: પણ સ્વીકાર કર્યા પછી અટકવાની વાત નથી. દોષતો સ્વીકાર કર્યો પણ દોષનો સ્વીકાર કર્યા પછી દોષને ટાળવાનો પ્રશ્ન છે. રાખવાનો પ્રશ્ન નથી કર્યો. શું કહ્યું? ડોક્ટર ની પાસે જાય છે. તાવ છે ચાર ડિગ્રી? તો ચાર ડિગ્રી નું જ્ઞાન થયું તો રાખવા માટે જ્ઞાન થયું કે ટાળવા માટે?

મુમુક્ષુ: ટાળવા માટે

ઉત્તર: તો જ ડોકટરની પાસે જાય ને ભાઈસાહેબ. તો ટાળવાની વાત છે ને હવે? સ્વીકાર કરવાથી તો મમત્વ છૂટતું નથી. એવું બંધ અધિકારમાં આચાર્ય ભગવાને ફરમાવ્યું છે. બંધ અધિકાર છે, બંધ અધિકાર. બંધ અધિકાર. તો એમાં આચાર્ય ભગવાને ફરમાવ્યું કે હું બંધાયેલો છું, હું બંધાયેલો છું, હું બંધાયેલો છું તો બંધ છૂટવાનો ઉપાય એ નથી. એને છીણી મારી દે તો બંધનો અભાવ થઈ જશે. હું મિથ્યાદ્રષ્ટિ છું, હું મિથ્યાદ્રષ્ટિ છું, હું મિથ્યાદ્રષ્ટિ છું, હું પાપી છું, હું સંસારી છું, એવી શૃંખલા વારે વારે વિચારવા છતાં પણ એ મિથ્યાત્વ છૂટતું નથી. મિથ્યાત્વથી જૂદું જ્યારે આત્માનું ધ્યાન જીવ કરે છે આહાહા! ત્યારે સમ્યગ્દર્શન પ્રગટ (થઈ જાય છે). સમ્યગ્દર્શનનો ઉત્પાદ, મિથ્યાત્વનો વ્યય અને ધ્રુવનો સદ્ભાવ આહાહા!

ધ્રુવનું ધ્યાન કરવાથી, પરમાત્માનું ધ્યાન કરવાથી, પરમાત્માનું ધ્યાન કરવાનું ક્યાં જાવું મંદિરે કે સમેદ-શીખર? આ નિજ પરમાત્મા અંદર બિરાજમાન છે એનું ધ્યાન કર. આ ઉપદેશ કથન

પદ્ધતિમાં એવું આવે છે કે ધ્યાન કર પણ ધ્યાન સહજ થઈ જાય છે. પરંતુ ઉપદેશ બોધ અને સિદ્ધાંત બોધને સમજાવવા માટે એક સાથે કહેવામાં આવે છે. આહાહા! મિથ્યાત્વ છે, મિથ્યાત્વ છે, સ્વીકાર તો શિષ્યે કરી લીધો. પણ મિથ્યાત્વ નો નાશ કેવી રીતે થાય એ પ્રશ્નનો ઉત્તર આવ્યો કે મિથ્યાત્વ તારામાં નથી. મારામાં છે એવો મેં સ્વીકાર કર્યો અને હું કહું છું કે તારામાં નથી. તો વાત શું છે? તારી દ્રષ્ટિ પર્યાય પર છે તો પર્યાયથી તું બોલે છે કે મારામાં મિથ્યાત્વ છે. (પણ) પર્યાય ને ગૌણ કર, પર્યાયને રાખીને ચિદાનંદ ભગવાન આત્મા સામાન્યને જો તો તારામાં મિથ્યાત્વ જ નથી. અને મિથ્યાત્વ થી રહિત જે સ્વભાવ ભાવ છે એનું અવલંબેન કરવાથી પર્યાય માંથી મિથ્યાત્વ ટળી જાય છે. એનો વ્યય અને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થઈ જાય છે. આ જૈન દર્શન છે ને? બહુ લોજિકલ છે. એવો અંધશ્રદ્ધા નો વિષય નથી. આગમથી, યુક્તિથી, અનુમાનથી અને અનુભવથી સિદ્ધ થઈ જાય છે. આહાહા! બંધ અધિકારમાં ઘણું લખ્યું આમ હું બંધાયેલો છું, હું બંધાયેલો છું, મારામાં રાગ છે, મારામાં રાગ છે, એવો વિચાર કરવાથી બંધ છૂટતો નથી. આહાહા! આત્માનો અનુભવ કર તો બંધ છૂટી જાય છે.

**નિશ્ચયથી હું એક છું**, આહાહા! **હું શુદ્ધ છું** અને **હું મમત્વ રહિત છું**. મમત્વ રહિત થાય છે એ બીજું તત્વ છે અને મમત્વ રહિત છું એ બીજું તત્વ છે. મમત્વ રહિત છે એ જીવ તત્વ છે, મમત્વ થી રહિત થાય છે એ સંવર તત્વ છે. સંવર નવો પ્રગટ થાય છે અને જીવ તો જૂનો છે જૂનો. એ તો મમત્વથી રહિત ત્રિકાળ છે, એમાં એ મમત્વની પર્યાય પ્રગટ હોતી નથી. પર્યાય અપવિત્ર હોવા છતાં પણ આત્મા પવિત્ર રહી ગયો છે. પાણી મેલુ થઈ ગયું અપવિત્ર તો પણ પાણી પોતાનો સ્વભાવ છોડતો નથી. એ તો નિર્મળ રહે છે. આહાહા! એનો એક અંશ પણ ૧૦૦% નિર્મળ છે સ્વભાવ. સામાન્ય સ્વભાવ ૧૦૦% સો એ સો ટકા નિર્મળ છે. એવા સામાન્ય સ્વભાવની વાત બતાવે છે, જ્યારે જ્ઞાનીનો જન્મ થાય છે ત્યારે સામાન્યનું પડખું બહાર આવે છે.

મુમુક્ષુ: બરાબર. પરમ સત્ય!

ઉત્તર: ત્યાં સુધી બધા વિશેષને જ આત્મા માને છે, અનાત્મા ને જ આત્મા માને છે. આત્મા એક છે એના બે પડખા છે, એક સામાન્ય અને એક વિશેષ. વિશેષમાં અશુદ્ધિ છે ત્યારે સામાન્ય શુદ્ધ અને પરિપૂર્ણ રહે છે. વિશેષમાં મતિશ્રુત જ્ઞાન હોવા છતાં પણ ભગવાન આત્મા તો જ્ઞાન થી દર્શન થી પરિપૂર્ણ રહે છે. એવું આવે છે જ્ઞાનથી દર્શનથી પરિપૂર્ણ છું એવું આવશે. મમતા રહિત છું અને **દર્શનજ્ઞાનથી પૂર્ણ છું**. અત્યારે તો મતિશ્રુત જ્ઞાન છે કેવળજ્ઞાન પણ નથી થયું. તો પૂર્ણ દર્શન જ્ઞાનથી અત્યારે કેવી રીતે પૂર્ણ છું? કે તારી નજર પર્યાય પર છે અને મારી નજર દ્રવ્ય પર છે. તું પર્યાય ને આત્મા માને છે અને હું દ્રવ્યને આત્મા માનું છું અમારી અને તારી વચ્ચે આટલો મોટો ફર્ક છે. પદાર્થના પ્રતિભાસ માં તફાવત છે જ્ઞાની અને અજ્ઞાની નો પદાર્થના પ્રતિભાસમાં (ફર્ક છે). એક પર્યાયને આત્મા માને છે અને એક દ્રવ્ય ને આત્મા માનતા માનતા પર્યાયને જાણે છે. પણ પર્યાયને આત્મા માનતો ( નથી). શું કહ્યું?

મુમુક્ષુ: સાચી વાત કહી એક પર્યાયને જાણે છે દ્રવ્યને માનતા માનતા.

ઉત્તર: એક પર્યાયને જાણીને પર્યાયને આત્મા માની લ્યે છે, મિથ્યા દ્રષ્ટિ થઈ જાય છે. બીજો

સમ્યગદ્રષ્ટિ દ્રવ્યને આત્મા માનીને પર્યાયને જાણે છે પણ પર્યાય મારીછે એમ માનતો નથી. આહાહા!

મુમુક્ષુ: નિર્દોષ વાત છે આ.

ઉત્તર: નિર્દોષ વાત છે આ. દિગંબર સંતોએ તો ન્યાલ કરી દીધા છે. આ તમારું જ શાસ્ત્ર છે. હું તો નવો દિગંબર છું. મુમુક્ષુ: મૂળ દિગંબર કહ્યું. સાહેબ! ઉત્તર: પ્રભુ એ તો જે અનુભવ કરે એ દિગંબર છે. આત્માનો અનુભવ કરે એનું નામ ભાવ દિગંબર છે. ભાવ દિગંબર. નામ દિગંબર છે. નામથી તો જૈન છે નામથી તો જૈન છે પણ ભાવ થી જૈન હોવું એ કોઇ અપૂર્વ વાત છે. આત્માનો અનુભવ કરવાની આ વાત છે ભાઈ. નામ થી તો સૌ દિગંબર જૈન છે. બધા દિગંબર જૈન છે પણ ભાવ થી દિગંબર હોવું એ કોઇ અપૂર્વ ચીજ છે.

વિરલા જાણે તત્વને વિરલા સાંભળે કોઇ
વિરલા ધ્યાવે કોઈ - એ વિરલા જ હોય છે.

**દર્શન જ્ઞાનથી પરિપૂર્ણ**. પ્રભુ હું તો મતિ-શ્રુત જ્ઞાન મારી પાસે છે ને? કેવળજ્ઞાન તો નથી? કેવળજ્ઞાન પૂર્ણ હોય છે. અરે ભાઈ! કેવળજ્ઞાનની વાત નથી. અમે તો આત્મા કેવળજ્ઞાનથી પણ ભિન્ન છે એવો સ્વભાવ તમને બતાવે છે. કેવળજ્ઞાનતો નવું ઉત્પન્ન થાય છે. જે ઉત્પન્ન છે તે હું નહીં. પ્રગટ થાય છે તે હું નથી જે પ્રગટ છે તે હું છું. આહાહા! અત્યારે સમય? ૯:૩૦ ભલે. પા કલાક છે ઘણી અપૂર્વ વાત છે. આચાર્ય ભગવાન ફરમાવે છે શરૂઆતમાં સમયસાર માં કે આજ સુધી તે બહુ કામ-ભોગ-બંધનની કથા સાંભળી અને પરિચય પણ કર્યો પણ એકત્વ - વિભક્ત આત્માની વાત આજ સુધી તેં સાંભળી નથી, એવી વાત કહેવાનો (સંભાળવવાનો) મને ભાવ આવ્યો છે.

મુમુક્ષુ - પ્રશ્ન વચમાં નહીં

ઉત્તર: ચાલું માં મજા નથી આવતી. રાત્રે પ્રશ્ન જરુર કરજો. કાગળમાં લખીને દઈ દેજો ભાઈ જરૂર લખીને આપજો, એક નહીં સૌ પ્રશ્ન કરજો. એક નહીં સૌ પ્રશ્ન કરજો. અમારી જેટલી શક્તિ છે તે શક્તિથી અમે ખુલાસો કરીશું. આહાહા! ચાલુ માં ગડબડ થાય છે.

પ્રભુ! હું એકત્વ વિભક્ત આત્માની વાત કરવાનો આશય મારો છે, અભિપ્રાય છે. એકત્વ વિભક્ત નો અર્થ શું છે? કે અનંત દર્શન જ્ઞાન આનંદ થી હું પરિપૂર્ણ એકત્વ એનાથી એકત્વ, અનંત ગુણ થી એકત્વ-એકપણું. એકત્વ-એકપણું, એકપણું છે આત્મા. આત્મા માં જ્ઞાન-દર્શન-ચારિત્ર-સુખ-વીર્ય છે. અનંત અનંત વિભુત્વ શક્તિ, પ્રભુત્વ શક્તિ, અનંત અનંત શક્તિ, એક એક શક્તિ પરિપૂર્ણ છે. એક એક શક્તિ પરિપૂર્ણ છે. નિરપેક્ષ છે, કર્મની સાથે એનો સંબંધ નથી. અને નિમિત-નૈમિતિક સંબંધ થી જુદો આત્મા છે.

નિમિત-નૈમિતિક સંબંધ હોય છે - અનાત્મા માં હોય છે. મારામાં નથી. આહાહા! હું તો ત્રિકાળ ભગવાન પરમાત્મા વર્તમાન હું. આહાહા! એમ જ્ઞાન દર્શનથી હું પરિપૂર્ણ હું. તો એકત્વ એટલે અનંતગુણ થી એકપણું અનંતગુણથી એકપણું. ગુણ તો અનંત છે અને એક ગુણ બીજા ગુણરૂપ નથી. એવો અતદભાવ અંદર છે. હોવા છતાં પણ એ એકપણે રહે છે. આહાહા! એક પાડખું એકત્વનું તો આ, અને વિભક્ત હું. કેવળજ્ઞાનથી હું ભિન્ન છું. કોણે કહ્યું? કુંદકુંદ આચાર્ય ભગવાને

લખ્યું. પ્રમત -અપ્રમત થી હું રહિત છું. પ્રમત એટલે ૧ ગુણસ્થાન થી ૬ ગુણસ્થાન સુધી તો પ્રમત દશા કહેવાય છે. અને ૭ થી ૧૪ ગુણસ્થાન સુધી અપ્રમત. અપ્રમત માં યથાખ્યાત ચારિત્ર આવી ગયું અને કેવળજ્ઞાન પણ (આવી ગયું). એનો અર્થ પર્યાય નથી એમ નથી એમ નહીં. પર્યાય તો છે. પર્યાયની અસ્તિ પણ મારામાં નાસ્તિ, એવી મારી અસ્તિ એનો જે અનુભવ એનું નામ મસ્તી. એકત્વ વિભક્ત આત્માની વાત હું કહીશ. પછી એમ કહ્યું કે હું કહીશ પણ અનુભવથી પ્રમાણ કરજો ફક્ત સાંભળવાથી પ્રમાણ નથી થતું. કોઇ પહેલાના કાળમાં જેમ સાકર છે ને સાકર, ખાંડ નહીં. સાકર બહુ મોંઘી હતી.

મુમુક્ષુ: બુરા

ઊતર: બુરા નહીં ધન. મીઠાંસનું ધન હોય તો ખૂબ મોંઘી હતી. ૩૦-૪૦-૫૦ રૂપીએ કિલો એ સમયે. સમજ્યા? ત્યારે ઠગલોકો પણ નિકળે છે. ઠગલોકો કમાવા માટે નીકળતાં હોય તો સાકરની સાથે ફટકડી રાખે ફટકડી સમજો છો ને? ફટકડી. સફેદ હોય છે ને? આ પણ સફેદ અને પેલું પણ સફેદ. તો બહેન, બૈરાં લોક લેડિસ થોડા લોભી પણ હોય છે. એક સાકરવાળા, સાચ્ચા સાકરવાળાએ ૬૦ રૂપીયાના ભાવે આપી. આણે (ઠગે ) કહ્યું ૩૦ રૂપિયા માં આપીશ. સારું, ૨ કિલો આપી દયો. આહાહા! તો ૨ કિલો લઈ લીધી એની પરીક્ષા કરી નહીં. પરીક્ષા કરી ને પ્રમાણ ન કર્યું. સમજ્યા? સફેદ આ પણ સફેદ એ પણ સફેદ. આહા. અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ દોષ વગરનું એ લક્ષણ છે. એ તો જુદી વાત છે. એ તો જુદી વાત છે.

તો એ સફેદ જોઇને લઇ ગઇ. શું થયું? તો એ છોકરી નો સસરો આવ્યો સસરા તેજ મગજ વાળા, ખૂબ તેજ મગજ વાળા હોય છે ને? ક્રોધી કોઈ? આવ્યા તો એમને માટે દૂધ બનાવ્યું, ચા બનાવી એને માટે ખાંડ નાંખી. એમણે આ પીધી શું છે? કપ ને ફેંકી દિધો. આહાહા! સમજ્યા? આવા ધર્મ ના નામ ઉપર જીવ ઠગાયો. (ધૂતાણો). ધર્મ નું સાચું સ્વરૂપ શું છે એ તે જાણતો નથી. અજ્ઞાની આવું કરો તો ધર્મ એવું કરો તો ધર્મ, ધર્મ નથી થતો કર્મ થઇ જાય છે. ધર્મ ના નામ થી કર્મ થઈ જાય છે. ધર્મ થઇ જાય તો તો ન્યાલ થઈ જાય. ધર્મ એટલે આત્મા નો અનુભવ.

**अनुभव चिंतामनि रतन, अनुभव है रसकूप**
**अनुभव मारग मोखकौ, अनुभव मोख सरूप।।१८।। नाटक समयसार - उत्थानिका**

સર્વજ્ઞ ભગવાનના આગમ માં અનુભૂતિ નું ફરમાન છે. આત્માનો અનુભવ કરો. જ્ઞાનાનુભૂતિ, આનંદાનુભૂતિ એનું નામ ધર્મ છે. તો આચાર્ય ભગવાન ફરમાવે છે કે સાંભળ ભાઈ તારો પ્રશ્ન છે કે દશા માં દૂ:ખ છે, પણ દશા માં હોવા છતાં પણ પર્યાય માં દૂ:ખ હોવા છતાં પણ હવે તું થાકી ગયો છે તો પ્રશ્ન છે કે દૂ:ખનો અભાવ કેવી રીતે થાય? દૂ:ખનાં સ્થાન પર સુખ પ્રગટ કેમ થાય એ તારો પ્રશ્ન છે તો સાંભળ, તો **તે સ્વભાવમાં રહેતો, તેમ લીન થતો હું આ ક્રોધાદિક સર્વ આશ્રવોને ક્ષય પમાડું છું** આહાહા! એ મૂળ ગાથા થઈ.

હવે ટીકા. ટીકા એટલે અર્થનો વિસ્તાર. અમૃતચંદ્ર આચાર્ય ભગવાન થઇ ગયા. એક હજાર વર્ષ પૂર્વ. પાછળથી નિત્ય આનંદનું ભોજન કરવાવાળા. મુનિરાજ ના લક્ષણ શું છે? નિત્ય અતીન્દ્રિય આનંદનું ભોજન કરે છે. આહાહા! ક્ષણમાં નિર્વિકલ્પ અને ક્ષણમાં સવિકલ્પ દશા આવી જાય છે.

હાલતા ચાલતા સિદ્ધ છે. મુનિરાજની વાત કોઈ અલૌકિક હોય છે. તો એમણે આ ટીકા બનાવી એક હજાર વર્ષ પછી. ટીકા એટલે વિસ્તાર. સંસ્કૃતમાં લખાઈ તે આજથી ૨૦૦ વર્ષ પહેલાં એવો બનાવ બન્યો જયપુર માં જયચંદ પંડિત છાબડા. જયચંદજી છાબડા. પંડિત ટોડલમલજી ની સાથે મિત્રતા માં બધા આઠ દસ પંડિત સાથે એ સમયે ઘણી સારી ચર્ચા ચાલતી હતી. તો એ સમયસાર તો સંસ્કૃતમાં હતું એનો ઢૂઢાંરી, હિન્દીમાં અનુવાદ ન હતો. ફક્ત સંસ્કૃતમાં વાત ચાલતી હતી. તો જયચંદ પંડીતને વિચાર આવ્યો કે આનો અનુવાદ કરવો જોઈએ. તો સામાન્ય જન સમુદાય આનો મર્મ સમજી શકે કે આત્માનું સ્વરૂપ શું છે. કેમકે આમાં તો આત્માના સ્વરૂપની વાત છે. તો બીજા પંડીતે કહ્યું કે વાત તો એવી છે કે આ તો એકલા નિશ્ચયનો ગ્રંથ છે. નિશ્ચયનો ગ્રંથ વાંચવાથી જીવ સ્વછંદી થઈ જશે. આમ તેમ ચર્ચા તો થાય છે ને? ચર્ચા થઇ તો પંડિતજી એ કહ્યું કે સાકર ખાવાથી ગધેડો તો મરી જાય છે. એવી કહેવત છે. તો શું મનુષ્યએ સાકર નહીં ખાવી? ઘણી સારી વાત છે આ વાત તો વિચારવા જેવી છે. તો બધાએ નક્કી કર્યું કે અનુવાદ કરવો જોઈએ, તો અનુવાદ કોણ કરે? આ વાત આવી તો બધા એ કહ્યું આ પંડિત જયચંદજી છાબડા છે, બરાબર. પછીથી બધું જોઈ લઈશું. એ અનુવાદ કરે, પછી બધા જોઈ લે કે કોઈ ફેરફાર હોય તો, તો અનુવાદ થઇ ગયો. અનુવાદ થયો ઢૂઢાંરીમાં પહેલાં. ઢૂઢાંરીમાં આવા પાના હતા.

ઢૂઢાંરી પછી, એક શ્રીમદ રાજચંદ્ર થઇ ગયા સૌરાસ્ટ્ર માં, મોરબી ની પાસે વવાણિયા ત્યાં એમનો જન્મ હતો. તેઓ શતાવધાની હતા. શતાવધાન કરતા હતા. એમણે વિચર કર્યો કે આ સમયસાર, પરમાત્મપ્રકાશ આદિ નો આ ચાલતી હિન્દી ભાષામાં અનુવાદ કરવો ઠીક રહેશે. તો એમણે પરમ શ્રુત પ્રભાવક મંડળ ની સ્થાપના કરી તો ત્યાંથી આ ઢૂઢાંરી પરથી સમયસાર નું ચાલતી હિન્દી ભાષામાં અનુવાદ કરીને છપાઇ ગયા. તો ૭૫ ની સાલમાં એ છપાયા અને ૭૮ ની સાલમાં પૂજ્ય ગુરુદેવના હાથમાં આ શાસ્ત્ર આવ્યું. તેઓ મોપતિ (મુખ પટ્ટી) માં હતા. સ્થાનકવાસી સાધુ. આહાહા! હાથમાં આવ્યું સમયસાર શાસ્ત્ર. ઝવેરીએ પરીક્ષા કરી લીધી. આ સમયસાર શાસ્ત્ર તો અશરીરી થવાનું છે, નિમિત. આહાહા! એમણે અંદરથી ખૂબ ગહેરાઈથી (ઊંડાઈથી) મનન કર્યું.

તેઓ શું કર્તા હતા? ઉપવાસ કરીને નદી ની પાસે શાસ્ત્ર લઈને બહાર જતાં રહેતા. અને ત્યાં એકાંતમાં આખો દિવસ સ્વાધ્યાય કરતા હતા. અને ઉપાશ્રય માં સ્વાધ્યાય કરે અને કોઇ પગે લાગવા, નમસ્કાર કરવા આવે તો કોઈની સામે જુવે નહીં. આહાહા! એવી ધૂન ચઢી ગઇ. આહાહા! આ સમયસાર શાસ્ત્રથી આ ભાવનો અંત આવી ગયો એવા સમયસાર શાસ્ત્રની તો કોઈ આલોકિક નિધિ છે. આહાહા!

એક વાર એવું થયું કે બે મિત્ર હતા બે, બંને મિત્ર એકદમ ગરીબ બંને મિત્ર સાધારણ ઝુંપડા માં રહેતા હતા. ખાવાનું પણ નહીં. એકને એવું થયું કે હું સાધુ થઈ જાઉ અન્યમતીનો. તો સાધુ થઈ ગયો અન્યમતીનો તો એના ગુરુની સાથે તપ કરવા લાગ્યો પછી એને કોઇ એવી લબ્ધિ પ્રગટ થઈ ગઈ. અજ્ઞાની ને પણ લબ્ધિ પ્રગટ થાય છે. તો એની લબ્ધિ માં શું આવ્યું? કે જે લોખંડને સોનું બનાવી દે. એ મંત્ર ભણીને પાણી છાંટે તો લોઢું સોનું થઈ જાય. તો એને વિચર આવ્યો કે મારો મિત્ર ગરીબ છે તો ત્યાં જઇને પુસ્તક લખીને આપું. તો ત્યાં જઇને કહ્યુંકે આ પુસ્તક વાંચીને એનો પ્રયોગ

કરીને સોનું બનાવી લેજો. અને હું બીજી વાર આવું ત્યારે મોટર અને બંગલા તારી પાસે હશે. તો કહે જરૂર સોનું બને તો ગરીબ ક્યાંથી રહે? પુસ્તક લઈ લીધું અને બરાબર સંભાળીને તિજોરીમાં રાખી દીધું. ચાવી બરાબર પોતાની પાસે રાખી. એક વર્ષ બાદ એ આવ્યો દૂરથી જોયું તો એ જ ઝુંપડી. અંદર ગયો કે મારો મંત્ર ખોટો છે કે શું? આવ્યો કે બૂકનો પ્રયોગ કર્યો. નહીં બૂક તો મે ઘણી સંભાળીને રાખી છે. બરાબર તાળા ચાવી મારીને તિજોરીમાં રાખી છે. એમ સમયસાર તો સૌના ઘરમાં છે પણ ભગવાન બનવાની વિધિ છે તો ખોલીને વાંચે પણ નહીં. વાંચે તો ઉપર ઉપરથી શિષ્ટાચાર થી વાંચે છે. એક પાનું વાંચ્યું, થઇ ગયું. મંદિરમાં ગયો, ભગવાનના દર્શન કરી લીધું. એમ લખ્યું છે. એમ નહીં! આમાં ભેદજ્ઞાનનો મંત્ર છે.

ણમોકાર મંત્ર તો અમને માતા-પિતા પાસેથી મળ્યો જન્મથી, ણમોકાર તો. પણ ભેદજ્ઞાનનો મંત્ર ગુરુદેવે આપ્યો. જયપુર ની શિબિર ના સમયે મે કહ્યું કે આ ભેદજ્ઞાનના મંત્રથી દેવ હાજર થાય છે. તો બધા ખુશ થયા કે પંડિતજી સારું. પ્રાઇવેટ માં પૂછી લે કે એ મંત્ર કયો છે કે દેવ હાજર થાય ને દેવની પાસે માંગી લઈએ. એવી ચર્ચા થવા માંડી. એવી ચર્ચા થવા માંડી. બીજે દિવસે મારા કાનમાં આ વાત આવી કે આપની વાત તો આવી ચાલે છે. બીજે દિવસે કહ્યું કે ભાઈ આ દેવ ની વાત નથી. ચૈતન્ય દેવ પ્રગટ થાય છે. ચૈતન્ય દેવ ની વાત છે એ દેવની વાત નથી. આહાહા! એવી વાત, સમયસાર જી શાસ્ત્ર તો ભગવતી શાસ્ત્ર છે. આહાહા!

મુમુક્ષુ: બે મિત્રની વાત જરા અધૂરી રહી ગઇ હજી પૂરી નથી થઈ.

ઉત્તર: નહીં પૂરી થઇ ગઈ. કહયુને કે તાળું ચાવીમાં એમ સમયસાર ને તાળા ચાવીમાં બધાએ રાખી દીધું છે. એક વાર હું જમવા ગયો સમયસાર માંગ્યું તો સમયસાર તો હતું તેમની પાસે. સમજ્યા? લાવીને આપ્યું પાનાં બધા પેક હતા તો મેં પૂછ્યું કે આપ સ્વાધ્યાય નથી કરતાં ?માફ કરો હું સ્વાધ્યાય નથી કરતો મેં સંભાળીને રાખ્યું છે.જિનવાણીને વંદન કરું છું રોજ,નમસ્કાર કરું છું. આહાહા!નમસ્કાર મંત્રથી કલ્યાણ નથી થતું. નમસ્કારથી શુભભાવ થાય છે અને શુભભાવનું ફળ દૂ:ખી થવાનું છે. આહાહા!અશુભનું ફળ પણ દૂ:ખ અને શુભનું ફળ પણ દૂ:ખ. અને ધર્મનું ફળ સુખ છે. ધર્મ કરવો એ અપૂર્વ ચીજ છે. થઈ ગયો સમય (ટાઇમ).